

# કલ્પસૂત્ર

## ચિત્રસંપૂટ

## જિનાલયમાં ભૂમિગૃહમાં વિશ્વનું પ્રથમ અદ્‌ભુત, અલૌકિક કલ્પસૂત્ર મંદિર જેમાં પ્રભુ વીર આદિ ભગવંતોના જીવન ચરિત્રોને જાણવા... માણવા... દર્શન કરવા જરૂર પધારો... જૈન ધર્મના હાર્દ સમાન શ્રી કલ્પસૂત્ર (બારસાસૂત્ર) ગ્રંથની અદ્‌ભુત વિશિષ્ટતા...

સંસારના સર્વ આશ્વાસનો શોક નિવારણ માટે નિરર્થક થયાં, ત્યારે રાજા ધ્રુવસેનના દ્વાર પર એક સાધુ શાસ્ત્ર લઈને આવ્યા ! વડનગરની એ બડભાગી ભૂમિ હતી અને એ ભૂમિને જ્ઞાન અને તપથી પાવન કરનારા આચાર્ય **શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ** હતા. સાલ હતી વિક્રમ સંવત પ૨૩. શ્રી સૂરિજીએ એ દિવસે ચિત્તને શાંતિ કરનાર જે શાસ્ત્ર વાંચ્યું તેનું નામ **'શ્રી કલ્પસૂત્ર'** ત્યાં સુધી આ ગ્રંથનું વાંચન-શ્રવણ ફક્ત સાધુઓ સુધી સીમિત હતું અને તે જ દિનથી પર્યુષણ પર્વમાં આબાલવૃદ્ધને, શ્રી સંઘને સાંભળવા માટે ખુલ્લું મૂક્યું, જે વાતને ૧૫૦૦ વર્ષ થયા.

૨૫૨૯ વર્ષ પહેલાં પ્રભુ મહાવીરસ્વામિજી થયા જે જૈન ધર્મના છેલ્લા તીર્થંકર હતા, તે સમયમાં સંસ્કૃત ભાષાનું પ્રભુત્વ હતું ને શાસ્ત્રોની રચના તે ભાષામાં થતી, શ્રી પ્રભુવીરે લોકભાષા પ્રાકૃતમાં પોતાની વાણીનો પ્રવાહ વહેવડાવ્યો. તેમાં સામાન્ય લોક-વિદ્વાનો સ્નાન કરીને પવિત્ર થયાં, તે વાણીને ગણધર ભગવંતોએ અંગોમાં ગુંથી તે અંગ ૧૨ છે એમાં બારમું અંગ કાળબળે લુપ્ત થયું.

જૈનોના આપ્તપુરુષોએ આ કલ્પસૂત્ર ગ્રંથનો મહિમા અપૂર્વ ગાયો છે. આ સૂત્ર વાંચવાથી, સાંભળવાથી, યોગ્ય સગવડો આપવાથી, સઘળા અક્ષરો આરાધવાથી ને વિધિવત્ એનો અમલ કરવાથી શ્રદ્ધાધન માણસને આઠ ભવે મોક્ષ પ્રાપ્તિ થાય ને પૂજા તથા પ્રભાવના સાથે એકચિત્ત થઈ એકવીસ વાર સાંભળનારનો બેડો પાર થાય.

■ **આ ગ્રંથ પર પ્રાચીન ટીકારૂપ અંતર્વાચ્યો મળે છે.**
■ પૂ. ઉપા. શ્રી ધર્મસાગરજી મ.ની ટીકા સં. ૧૬૨૮.
■ પૂ. જયવિજયજી મ.ની કલ્પસૂત્ર દીપિકા સં. ૧૬૭૭.
■ ઉપા. વિનયવિજયજી મ.ની ૬૫૮૦ શ્લોક પ્રમાણે કલ્પ સુબોધિકા સં.૧૬૯૯માં રચના.

✲ બાલાવબોધમાં સરળ ભાષામાં ખીમશાહી કહેવાતું સં. ૧૭૦૭ માં વૈ.સુ.૬, ગુરુવાર પં. શ્રી ખીમવિજયજી ગણિએ કલ્પસૂત્ર મહેમદાવાદમાં રચ્યું, તે ટીકાનું સંશોધન અમદાવાદમાં થયું ને પ્રથમવાર અમદાવાદમાં નગરશેઠ હેમાભાઈ-પ્રેમાભાઈની હાજરીમાં વંચાયું અને શેઠે એક એક રૂપિયાની પ્રભાવના કરી પ્રસંગને યાદગાર બનાવ્યો, આજે પણ તેનું વાંચન પર્યુષણ પર્વમાં પ્રચલિત છે.

✲ ભારતની અજંટા-હિંદ-રજપૂત-મોગલ ચિત્રકલાના ઇતિહાસમાં જૈનોની ચિત્રકલા ૧૨ મી થી ૧૫ મી સદીની આગવી કલા છે. ૧૫ મી સદીમાં લખાયેલા કલ્પસૂત્રની સાચા સોના-રૂપાની શાહીથી આલેખાયલી હસ્ત હસ્તપ્રતોના ચિત્રો ચિત્રકલાના મર્મજ્ઞો માટે ભારે રસનો વિષય છે.

✲ આ કલ્પસૂત્રનું પ્રકાશન ડૉ. હરમન જેકોબીએ કરેલું ને એ દ્વારા જૈન દર્શનને સ્વતંત્રદર્શન સિદ્ધ કર્યું ને અનેક આશંકાઓ દૂર કરેલી હતી.

**"વીતરાગથી વડો ન દેવ, મુક્તિથી ન મોટું પદ,**
**શત્રુંજયથી ન વડું તીર્થ, કલ્પસૂત્રથી ન મોટું શ્રુત."**

✲ પ્રભુવીર પછી કેવળજ્ઞાની (સકલ જ્ઞાનના જ્ઞાતા) ફક્ત ત્રણ જ હતા. આર્ય ગૌતમસ્વામી, આર્ય સુધર્માસ્વામી, આર્ય જંબુસ્વામી આ પછી જ્ઞાન ધીરે ધીરે ઓછું થતું ગયું. છેલ્લા ચૌદ પૂર્વના (દૃષ્ટિવાદ નામના બારમાં અંગના) જ્ઞાતા સકલશ્રુત પારગામી શ્રી ભદ્રબાહુસ્વામીએ વિક્રમ સંવત ૫૧૦ માં ચૌદ પૂર્વોમાંના નવમા પ્રત્યાખ્યાનવાદ નામના કલ્પમાંથી ઉધ્ધૃત કરીને આ પવિત્ર કલ્પસૂત્રની રચના કરી, એ વખતે ચંદ્રગુપ્ત રાજા પર રાજ્ય કરતો હતો તે પૂજ્ય ભદ્રબાહુસ્વામીનો ભક્ત હતો.

આર્ય ક્ષેમકીર્તિ તેઓની સ્તુતિ કરતા લખે છે કે શ્રુતસાગરને મંથન કરીને જ મહામતિએ આગમરૂપ સાગરમાંથી જરા-મરણને ટાળનાર કલ્પસૂત્ર જેવું અમૃત બહાર આવ્યું તે શ્રી ભદ્રબાહુગુરુને વારંવાર વંદન હો...!

ભારત દેશમાં ઘણા દુષ્કાળ પડ્યાં તે કપરા કાળમાં તમામ જૈન આગમ સાહિત્યને લિપિબદ્ધ કરી જાળવી રાખવાનું કામ ગુજરાત-સૌરાષ્ટ્રના પાટનગર વલ્લભીપુરમાં શ્રી દેવર્દ્ધિ ગણિ ક્ષમાશ્રમણ સહ ૫૦૦ આચાર્યની નિશ્રામાં થયું. સર્વ શાસ્ત્રોના ઉદ્ધાર સાથે શ્રી કલ્પસૂત્રનો ઉદ્ધાર થયો.

આ ગ્રંથનું સ્થાન સ્વતંત્ર આગમ ગ્રંથ જેટલું જ મહત્વનું છે. મુનિવર્યો પર્યુષણા પર્વમાં પાંચ દિવસ એ વાંચતા ને સાંભળતા. વાંચનાર માટે પણ અમુક ગુણકક્ષા નિયત રહેતી, યોગોદ્‌વહન (જોગ)ની ક્રિયા કરવી પડે અને તે જ વાંચના કરી શકે.

વિ.સં. પ૨૩ માં વડનગરના રાજા ધ્રુવસેનના યુવાન પુત્રનું અવસાન થતાં તેના શોક નિવારણ માટે રાજસભામાં રાજા-પ્રજા સમક્ષ શ્રી કલ્પસૂત્રનું વાંચન થયું અને પર્વ પર્યુષણનો અતિ વિસ્તાર થયો.

આ મહાન ગ્રંથ બારસો શ્લોક પ્રમાણ છે માટે બારસાસૂત્રના નામે ઓળખાય છે અને તે પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં ૩ દિવસ પછી શ્રાવણી અમાસથી ભાદરવા સુદ ૩ સુધી સવાર-સાંજ અર્થને વિવરણ સાથે વંચાય છે. સંવત્સરીને દિવસે ભાદરવા સુદ ૪ ની સવારે આખું કલ્પસૂત્ર મૂળ (બારસાસૂત્ર) વાંચવામાં આવે છે. લગભગ પંદરસો વર્ષથી આ રીત ભારત વર્ષમાં પ્રચલિત છે.

આ મહાન ગ્રંથમાં મુખ્યત્વે જિનેશ્વરોના ચરિત્રો, ગણધરોની સ્થવિરાવલિને સાધુઓની સમાચારી આવે છે. અત્રે કવિની કલ્પના છે કે કલ્પસૂત્ર એ કલ્પવૃક્ષ સમાન છે. મહાવીર ચરિત્ર બીજરૂપે-પાર્શ્વચરિત્ર અંકુરારૂપે નેમનાથ ચરિત્ર થડરૂપે-ઋષભદેવ ચરિત્ર શાખારૂપે-સ્થવિરાવલિ પુષ્પરૂપે ને સમાચારી સુગંધરૂપે છે. કલ્પવૃક્ષમાં કલ્પસૂત્રનું ફળ મોક્ષ છે. એ કલ્પસૂત્ર આપણા સહુનું કલ્યાણ કરો...!

✲ આ ગ્રંથ સુવર્ણાક્ષરીય ૧૨૦ પ્લેટોમાં (૧×૧ ફૂટ) સંગ્રહીત કરેલો છે.

✲ ભગવંતોના ચરિત્રોને અમદાવાદ નિવાસી વિજયભાઈ બી. શ્રીમાળીએ પોતાની ચિત્રકલાના કસબથી આબેહૂબ ૧૩૪ ફોટા (૨×૨॥ ફૂટ)માં કંડારેલ છે ધન્યવાદ !

✲ સુશોભિત કલાકારિગરીથી યુક્ત દેવકુલિકામાં ગણધર શ્રી સુધર્માસ્વામીજી, ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીજી, બહુશ્રુત શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ આ ત્રણે પૂજ્યોની ગુરુપ્રતિમા બિરાજમાન છે.


પ્રેમગુરૂ
શિષ્યરત્ન પ.પૂ. આચાર્ય
રત્ન શેખર સૂરિ મ.સા

જય જિનેન્દ્ર





॥ શ્રી ૐકારાય નમો નમઃ ॥

॥ ૧૪ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામિને નમઃ ॥

॥ શ્રુતસ્થવિર શ્રી દેવર્ધિગણી ક્ષમાશ્રમણ ગુરુભ્યો નમઃ ॥

॥ શ્રી લબ્ધિ-ભુવન-ભદ્રંકરસૂરિ ગુરુભ્યો નમઃ ॥




શુભાશિષ

પ.પૂ. આચાર્યદેવ **શ્રી પુણ્યાનંદસૂરીશ્વરજી** મ.સા.

પ.પૂ. પંન્યાસપ્રવર **શ્રી મહાસેનવિજયજી** મ.સા.

*

સંકલન

પ.પૂ. ગણિવર્ય **શ્રી વિક્રમસેનવિજયજી** મ.સા.

દ્વિતીય આવૃત્તિ **મૂલ્ય... રૂા. ૨૦૦/-**

ચિત્રકાર... **શ્રી વિજયભાઈ શ્રીમાળી** અમદાવાદ.

પ્રકાશક... **શ્રી ૐકાર જૈન તીર્થ કમિટી**
વડોદરા-અમદાવાદ નેશનલ હાઈવે નં.૮,
મુ. પદમલા, જિ. વડોદરા (ગુજરાત).
☎ ૦૨૬૫-૨૨૪૨૭૯૨/૫૫૩૫૧૯૨

પ્રાપ્તિસ્થાન...

- **શ્રી લબ્ધિ-ભુવન જૈન સાહિત્ય સદન**
  રાજેશકુમાર નટવરલાલ શાહ બજારમાં,
  કાપડના વેપારી, પોસ્ટ છાણી-૩૯૧ ૭૪૦.
  જિ. વડોદરા (ગુજરાત).
- **સેવંતીલાલ વી. જૈન**
  ૨૦, મહાજન ગલી, પહેલા માળે, ઝવેરી બજાર,
  મુંબઈ-૪૦૦ ૦૦૨. ☎ ૨૨૪૦૪૭૧૭
- **શ્રી સીમન્ધરસ્વામિ જૈન તીર્થ કાર્યાલય**
  ઓસિયાજી નગર, નેશનલ હાઈવે નં.૮,
  પોસ્ટ-નંદિગામ, પીનકોડ : ૩૯૬ ૧૦૫.
  સ્ટેશન ભિલાડ, જિલ્લો વલસાડ (દક્ષિણ ગુજરાત)
  ☎ ૦૨૬૦-૨૭૮૪૦૮૯ • ટેલીફેક્સ : ૨૭૮૬૧૮૯
- **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પુસ્તક ભંડાર**
  મુ.પો. શંખેશ્વર, વાયા હારીજ, જીલ્લો પાટણ, ગુજરાત
- **શ્રી જૈન પ્રકાશન મંદિર**
  માસ્તર જશવંતલાલ ગીરધરલાલ
  ૩૦૯/૪, દોશીવાડાની પોળ-અમદાવાદ.
  ☎ ૦૭૯-૨૫૩૫૬૮૦૬

મુદ્રક... **નેહજ એન્ટરપ્રાઈઝ**
૧૭૬/૨, જવાહરનગર, ગોરેગાંવ (વે), મુંબઈ-૪૦૦ ૦૬૨.
ફોન : ૨૮૭૩૬૭૪૫ ■ ફેક્સ : ૨૮૭૩૬૫૩૫

॥ શ્રી ૐકારાય નમો નમઃ ॥
॥ નમો નમઃ શ્રી ભદ્રંકરસૂરયે ॥

## પ્રકાશકીય

**'અવની પર ઉજાલા કરે વહ આદિત્ય,**
**સંસ્કાર કા સિંચન કરે વહ સાહિત્ય ।**
**લોચન કો લાલાયિત કરે વહ લાલિત્ય,**
**જૈનાગમો મેં મહાન કલ્પસૂત્ર કા આધિપત્ય ॥**

જૈન શાસનમાં ૮૪ આગમો હતા. કાળબળે આજે આપણી સમક્ષ ૪૫ આગમો ઉપલબ્ધ છે. તેમાં સકલ સંઘ સમક્ષ પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં ભાવિકો આ સૂત્રના શ્રવણ દ્વારા અનેકવિધ પુણ્ય ઉપાર્જિત કરી કર્મો ખપાવે છે. તે જ મહાન ગ્રંથ કલ્પસૂત્રને જાણવા-માનવા-પિછાણવા જરૂરથી વિશ્વની અજબ અજાયબી સમાન **શ્રી ૐકાર તીર્થ**માં પધારી **કલ્પસૂત્ર મંદિર**ના દર્શન કરી જીવનને ધન્ય બનાવો...!

૧૦,૦૦૦ (દશ હજાર) અક્ષરોની સામે ૧ ચિત્રની અસર મસ્તકમાં થાય છે. માટે જ બાલજીવોને પ્રભુના ચરિત્રો દ્વારા સુંદર બોધ થાય. તે હેતુને લક્ષમાં રાખી ઘરબેઠાં દર્શન થાય તેથી **'શ્રી કલ્પસૂત્ર ચિત્રસંપૂટ'** નામનું પ્રકાશન શ્રી ૐકાર જૈન તીર્થ કમિટી પ્રકાશિત કરી રહ્યું છે.

તે અવસરે પૂ. ૐકાર તીર્થ સ્થાપક આ. **શ્રી પુણ્યાનંદસૂરીશ્વરજી** મ.સા.ના શુભાશિષ પ્રાપ્ત થયેલ છે. સંપૂર્ણ ગ્રંથનું સંકલન ગણિવર **શ્રી વિક્રમસેનવિજયજી** મ.સા.એ કરેલ છે. તે બન્ને પૂજ્યોના ચરણે વંદના...!

પ્રિન્ટીંગમાં કલાકુશલ **નેહજ એન્ટરપ્રાઈઝ (જયેશભાઈ) સપ્તર્ષિ પરિવારે** સાજસજ્જા અનોખી કરીને લોચનને મન ભાવન પ્રકાશન કરેલ છે. તેઓશ્રીના પરિવારને આ અવસરે ધન્યવાદ...!

ઉપહાર (પ્રભાવના) આપવા માટેનું નોખું-અનોખું પ્રકાશન વસાવી પ્રભુના ચરિત્રને જાણી-પિછાણી આપણા ચરિત્રમાં જીવનમાં સમતાયોગ પ્રાપ્ત થાય **એજ અભ્યર્થના...!**

**-પ્રકાશક : શ્રી ૐકાર જૈન તીર્થ કમિટી**



પૂ. લબ્ધિસૂરિ મ. ✲ પ્રભુ મહાવીરસ્વામી ✲ પૂ. ભદ્રંકરસૂરિ મ.

पू. लब्धिसूरि म. ✲ प्रभु महावीरस्वामी ✲ पू. भद्रंकरसूरि म.

P. Labdhisuri M. ✲ Prabhu Mahavirswami ✲ P. Bhadrankarsuri M.



પ્રભુ મહાવીરના ૨૬ ભવ

प्रभु महावीर के २६ भव

26 PREVIOUS LIVES OF LORD MAHAVIR



શ્રી ૐકાર જૈન તીર્થ - કલ્પસૂત્ર મંદિર



પ્રભુ મહાવીરે ૨૫ માં ભવમાં કરેલ વીશસ્થાનકની આરાધના

प्रभु महावीर के २५ वें भवमें की हुई वीशस्थानक की आराधना

LORD MAHAVIR'S VISHASTHANAK TAP IN 25TH LIVE



શ્રી ચરમતીર્થપતિ મહાવીરસ્વામીજી

श्री चरमतीर्थपति महावीरस्वामीजी

SHREE CHARAMTIRTHPATI SHREE MAHAVIRSWAMIJI



દેવાનંદાની કુક્ષિમાં ગર્ભ અવતરણ

देवानंदा की कुक्षिमें गर्भ अवतरण

AUSPICIOUS CONCEPTION IN DEVANAND'S WOMB




શ્રી દેવાનંદા બ્રાહ્મણીને ૧૪ સ્વપ્નદર્શન

श्री देवानंदा ब्राह्मणी को १४ स्वप्नदर्शन

DEVANANDA BRAHAMINE OBSERVING 14 DIVINE DREAMS



શ્રી ૐકાર જૈન તીર્થ - કલ્પસૂત્ર મંદિર




ઋષભદત્ત-દેવાનંદા સ્વપ્નવિચાર, ઇંદ્રની હરેણિગમેષીદેવને આજ્ઞા

ऋषभदत्त-देवानंदा स्वप्नविचार, इंद्र की हरेणिगमेषीदेव को आज्ञा

THOUGHT ON DREAMS BY RUSHABDATH & DEVANANDA,
INDRA GIVING ORDER TO HARINIGAMESINDEV



ઇંદ્રસભા

इंद्रसभा

INDRASABHA



શક્રસ્તવ દ્વારા પ્રભુસ્તુતિ

शक्रस्तव द्वारा प्रभुस्तुति

INDRA'S RESPECTFUL HOMAGE BY SHAKRASTAV



પ્રભુના ગર્ભાપહરણ માટે હરેણીગમેષીદેવને ઈન્દ્રની આજ્ઞા

प्रभु गर्भापहरण के लीए हरेणीगमेषीदेव को इन्द्र की आज्ञा

INDRA'S ORDER TO HARINAGAMESINDEV TO TRANSPLANT LORD FOETUS




ગર્ભાપહરણ, ત્રિશલારાણીના કુક્ષિમાં ગર્ભસ્થાપન

गर्भापहरण, त्रिशलाराणि के कुक्षि में गर्भस्थापन

WOMB TRANSPLANT, LOGES IN TRISALA RANI'S WOMB




ત્રિશલારાણીને ૧૪ સ્વપ્નદર્શન

त्रिशलाराणि को १४ स्वप्नदर्शन

DARSHAN OF 14 SYMBOLIC DIVINE DREAMS BY TRISHALA RANI



સિદ્ધાર્થરાજાનું સ્નાન, રાજસભા, મલ્લયુદ્ધ

सिद्धार्थराजा का स्नान, राजसभा, मल्लयुद्ध

SIDHARATH RAJA TAKING BATH, RAJSABHA - MALLA YUDHA



રાજ્યમાં ચાર પ્રકારની વૃધ્ધિ, વર્ધમાન નામની વિચારણા
राज्य में चार प्रकार की वृद्धि, वर्धमान नामकी विचारणा
INCREASEMENT IL ALL THE 4 SECTORS, SO THE NAME VARDHAMAN BEEN SUGGEST




સ્વપ્નલક્ષણ પાઠક

स्वप्नलक्षण पाठक

**DREAM CONVERSATION**




૫૬ દિક્કુમારિકા દ્વારા જન્મમહોત્સવ

५६ दिक्कुमारिका द्वारा जन्ममहोत्सव

CELEBRATION OF THE BISFULL BIRTH BY 56 DIK-KUMARIS



સિદ્ધાર્થરાજાને પ્રિયંવદાદાસી દ્વારા જન્મવધાઈ

सिद्धार्थ राजा को प्रियंवदादासी द्वारा जन्मवधाई

MAID PREEYAMVADA GREETING SIDHARTH RAJA FOR THE NEW BORN



પ્રભુને માતા પાસેથી મેરૂ પર્વત પર લઈ જતા ઈન્દ્ર
प्रभु को माता के पास से मेरू पर्वत के उपर ले जा रहे इन्द्र
INDRA TAKING LORD TO MOUNT MERU




શક્રેન્દ્ર દ્વારા પંચરૂપ કરી મેરૂપર્વત પર ગમન

शक्रेन्द्र द्वारा पंचरूप करके मेरूपर्वत पर गमन

SAKRENDRA WITH ITS FIVE FORMS MOVING TOWARDS MOUNT MERU



૬૪ ઇંદ્રો દ્વારા જન્માભિષેક

६४ इन्द्रो द्वारा जन्माभिषेक

CEREMONIAL BATH BY 64 INDRA



પ્રભુનો જન્માભિષેક બાદ પાછા માતા પાસે સ્થાપન
प्रभु के जन्माभिषेक बाद वापस माता के पास स्थापन
AFTER THE CEREMONIAL BATH LORD BEING PLACED BESIDE HER MOTHER




પ્રભુનું નામ સ્થાપન-પ્રીતી ભોજન

प्रभु का नाम स्थापन-प्रीती भोजन

LORDS NAME BEING PLACED-LUNCH CEREMONY




બાલ વર્ધમાનકુમાર દ્વારા આમલકી ક્રીડા

बाल वर्धमानकुमार द्वारा आमलकी क्रीडा

BAL VARDHAMAN PLAYING WITH HIS FRIENDS




બાલક વર્ધમાનનું પાઠશાલા ગમન

बालक वर्धमान का पाठशाला गमन

PRINCE VARDHAMAN AT HIS SCHOOL



બાલક વર્ધમાનને દેવ ખભા પર બેસાડી ૭ તાડ જેટલું ઉંચુ શરીર કરી ડરાવે છે

बालक वर्धमान को देव कांधे पे बिठाकर ७ ताड जितना उंचा शरीर करके डराते हैं

A DEMON WITH ITS GIGANIC FORM LIKE A 7 TIMES OF
PALM TREE FRIGHTENING BAL VARDHAMAN



પ્રભુ મહાવીરનો પરિવાર, માતા-પિતા-ભાઈ-બહેન
प्रभु महावीर का परिवार, माता-पिता-भाई-बहेन
LORD MAHAVIR WITH HIS FAMILY, FATHER-MOTHER-BROTHER-SISTER




વડીલબંધુ નંદીવર્ધન પાસે દીક્ષા લેવાની અનુમતિ માંગે છે

वडीलबंधु नंदीवर्धन के पास दीक्षा लेने की अनुमति मागते है

REQUESTING NANDIVARDHAN TO GRANT PERMISSION FOR INITIATION




દીક્ષા માટે નવલોકાંતિક દેવની પ્રભુને વિનંતિ, તીર્થસ્થાપના કરો

दीक्षा के लिए नवलोकांतिकदेव की प्रभु को विनंति, तीर्थस्थापना करो

NINE LOKANTIK DEV'S REQUESTING LORD TO LEAD
ALL THE ETERNAL BLISS & ATTAIN SALVATION BY INITIATION



પ્રભુ વર્ધમાન દ્વારા વાર્ષિકદાન

प्रभु वर्धमान द्वारा वार्षिकदान

LORD MAHAVIR DISTRIBUTES LARGESSES FOR ONE YEAR



પ્રભુ મહાવીરસ્વામીનો દીક્ષાનો વરઘોડો

प्रभु महावीरस्वामी का दीक्षा का वरघोडा

LORD MAHAVIR'S INITIATION PROCESSION



પ્રભુ મહાવીરસ્વામીનો દીક્ષાનો વરઘોડો

प्रभु महावीरस्वामी का दीक्षा का वरघोडा

LORD MAHAVIR'S INITIATION PROCESSION



પ્રભુ મહાવીરસ્વામીનો દીક્ષાનો વરઘોડો
प्रभु महावीरस्वामी का दीक्षा का वरघोडा
LORD MAHAVIR'S INITIATION PROCESSION




श्री મહાવીરસ્વામિ પ્રભુની દીક્ષા

श्री महावीरस्वामि प्रभु की दीक्षा

LORD MAHAVIRSWAMI TAKING INITIATION




પ્રભુના શરીરમાંથી સુગંધ આવે, ભમરા આવે, ભમરા દ્વારા ડંખ, લોકો ગંધપુટીની માંગણી કરે છે

प्रभु के शरीर में से सुगंध आती देखकर, भंवरे द्वारा डंख, लोक गंधपुटी की मागणी करते है

LORD BEARS THE STINGS OF BLACK BRONES WHICH ARE ATTRACTED BY HIS BODY FRAGRANCE - PEOPLE ASKING FOR FRAGRANTEPOUCHES



પ્રભુ દ્વારા એકાકી વિહાર, પ્રથમ ચાતુર્માસ, પ્રથમ પારણું પાત્રમાં

प्रभु द्वारा अेकाकी विहार, प्रथम चातुर्मास, प्रथम पारणा पात्रमें

LORDS RELIGIOUS WALK, FIRST CHATURMAS, AND HIS
FIRST BREAKING FAST IN A WOODEN VESSEL



પ્રભુને ગોવાળિયા દ્વારા પ્રથમ ઉપસર્ગ, શક્રેન્દ્રનું આવી નિવારણ

प्रभु को ग्वाले द्वारा प्रथम उपसर्ग, शक्रेन्द्रने आकर निवारण किया

LORDS FIRST HARASSEMENT BY A COWHERD, SAKRENDRA PREVENTS LORD



સાધક દ્વારા ગોશાલા પર તેજોલેશ્યા, પ્રભુ દ્વારા શીતલેશ્યા મૂકી નિવારણ

साधक द्वारा गोशाला पर तेजोलेश्या, प्रभु द्वारा शीतलेश्या छोडकर निवारण

SADHAK THROWS FIRELLY FLAMES ON GOSALAK,
LORDS REVELS HIM BY COOLSHOWERS



પ્રભુનું બ્રાહ્મણને અર્ધવસ્ત્રદાન

प्रभुने ब्राह्मण को अर्धवस्त्रदान दीया

GIFT OF HALF DIVINE CLOTH BY LORD TO A POOR BRAHMIN



પ્રભુનું અર્ધવસ્ત્ર કાંટામાં ભરાઈને પડી ગયું, બ્રાહ્મણે લીધું

प्रभु का अर्धवस्त्र कांटो में लगकर नीचे गिर गया वह ब्राह्मणने ले लिया

THE POOR BRAHMIN TOOK AWAY THE OTHER HALF DIVINE CLOTH WHICH GOT STUCKED IN A THORNY SHRUB AND SLIPPED FROM LORD'S SHOULDER




શૂલપાણિયક્ષ દ્વારા પ્રભુને ઉપસર્ગ

शूलपाणियक्ष द्वारा प्रभु को उपसर्ग

THE YAKSA SULPAANI HARASSING LORD



व्यंतरना मंदिरमां प्रभुने क्षणवार निद्रा तेमां १० स्वप्न देख्या

व्यंतर के मंदिर में प्रभुको क्षणवार निंद्रा उसमें १० स्वप्न देखे

LORD OBSERVING 10 DREAMS IN YANTRAS TEMPLE WHILE IN SECONDS OF SLEEP





વ્યંતરી દ્વારા પ્રભુને ઉપસર્ગ

व्यंतरी द्वारा प्रभु को उपसर्ग

VYANTARI'S HARASSEMENT ON LORD



સંગમદેવ દ્વારા ઉપસર્ગ

संगमदेव द्वारा उपसर्ग

SANGAMDEV HARASSING LORD






ચંડકૌશિક દ્વારા પ્રભુને ડંખ, પ્રભુ દ્વારા પ્રતિબોધ
चंडकोशिक द्वारा प्रभु को डंख, प्रभु द्वारा प्रतिबोध
CANDAKAUSIKA BITS LORD, BUT LORD ENLIGHTES HIM



કઠપૂતના વ્યંતરી દ્વારા શીત ઉપસર્ગ
कठपुतना व्यंतरी द्वारा शीत उपसर्ग
KATHPUTHANA VYANTRI'S HARASSEMENT






સુદંષ્ટ્રદેવ દ્વારા નાવમાં ઉપસર્ગ, કંબલ સંબલ દેવ દ્વારા નિવારણ

सुदन्ष्ट्रदेव द्वारा नाव में उपसर्ग, कंबल संबल देव द्वारा निवारण

SUDAMSTRADEV'S HARASSEMENT KAMBAL & SAMBAL DEV REVEAL'S THE STORM



ધ્યાનમગ્ન પ્રભુને અગ્નિ દ્વારા પગ બળ્યાનો ઉપસર્ગ

ध्यानमग्न प्रभु को अग्नि द्वारा पाँव जलने का उपसर्ग

FOOT BURNING HARASSEMENT TO LORD WHILE IN MEDITATION



સંગમદેવ દ્વારા પ્રભુને કાલચક્ર ફેંકીને ઉપસર્ગ, પ્રભુ જમીનમાં ઢીંચણ સુધી નીચે ગયા
संगमदेव द्वारा प्रभु को कालचक्र फेंककर उपसर्ग, प्रभु जमीन में घुंटण तक नीचे गये
LORD KNEES WENT UNDER THE GROUND DUE TO
SANGAMDEV'S HARASSMENT BY THROWING KALCHAKRA ON LORD



લુહાર ધ્યાનમગ્ન એવા પ્રભુને ઘણથી મારવા દોડયો, ઈન્દ્રનું આગમન
लुहार ध्यानमग्न प्रभुको धण से मारने दोडा, इन्द्र का आगमन
INDRA COMES WHEN IRONSMITH GOES TO HIT LORD WHILE IN MEDITATION



અનાર્ય દેશમાં વિહાર સમયે પ્રભુને ઉપસર્ગો
अनार्य देशमें विहार के समय प्रभु को उपसर्ग
LORD BEING HARRASSED IN NON-ARYA COUNTRY



ચંદનબાળા દ્વારા અડદના બાકુલા વહોરાવી પ્રભુને ૫ માસ ૨૫ દિવસના ઉપવાસનું પારણું

चंदनबाळा द्वारा अडद के बाकुले वहोराकर प्रभु को ५ मास २५ दिन को उपवास के पारणा

ACCEPTING ALMS FROM CHANDANBALA FOR BREAKING FASTS OF
5 MONTHS & 25 DAYS WITH A SPECIFIC VOWS



प्रभुना पारणानो लाभ मळवाथी चंदनाने वाळ आव्या, लोढानी बेडी तूटी गई, पंचदिव्य प्रगट्या

प्रभु के पारणे का लाभ मिलने से चंदना को केश आये, लोहेकी बेडी तूटी, पंचदिव्य प्रगटे

CHANDANBALA GOT BEAUTIFUL HAIRS,

HER BOUNDED CHAINS WERE BROKEN AFTER LORD'S FAST BREAKING



श्री ॐकार जैन तीर्थ - कल्पसूत्र मंदिर



સૌધર્મસભામાં ચમરેન્દ્રનો ઉત્પાત, પ્રભુના શરણમાં બચવા આવ્યો

सौधर्मसभामें चमरेन्द्र का उत्पात, प्रभु के शरण में बचने आया

CHAMRANDRA DISTURBING SAUDHARMA SABHA,
COMES FOR HELP IN LORDS FEET

શ્રી ૐકાર જૈન તીર્થ - કલ્પસૂત્ર મંદિર

પ્રેમગુરૂ કૃપા પાત્ર
શિષ્યરત્ન પ.પૂ. આચાર્ય
શ્રી વિજય રત્ન શેખર સૂરિ મ.સા.




પ્રભુને કાનમાં ખીલા મારવા દ્વારા ગોવાળિયાનો ઉપસર્ગ તથા ખરકવૈદ્ય તથા મિત્રો દ્વારા કાનમાંથી ખીલા કાઢવા

प्रभु को कान में खीले मारकर ग्वाले का उपसर्ग, खरकवैद्य तथा मित्रो द्वारा कान में से खीले निकाले

A COWHERD PLUGGED LORDS EARS BY WOODEN PEGS. KHARAK
AN EMINENT PHYSICIAN & HIS FRIENDS REMOVING THE WOODEN PEGS




પ્રભુને ગોદોહિકા આસને ઋજુવાલિકામાં કેવલજ્ઞાન

प्रभु को गोदोहिका आसने ऋजुवालिका में केवलज्ञान

LORD ATTAINS OMNISCIENCE AT THE BANK OF
RJUVALUKA RIVER IN 'COW MILKING' POSTURE



પ્રભુનો અષ્ટપ્રાતિહાર્ય યુક્ત વિહાર

प्रभु का अष्टप्रातिहार्य युक्त विहार

LORD'S WALK ALONG 8 DIVINE ACCOMPANIMENTS



પ્રભુનું સમવસરણ અને દેશના

प्रभु का समवसरण और देशना

LORD'S DELIVERING A SERMON IN THE SAMAVASARAN



બ્રાહ્મણ ઈન્દ્રભૂતિનું શિષ્યો સાથે સમવસરણમાં આગમન, પ્રભુનું શરણ સ્વીકાર્યું

ब्राह्मण इन्द्रभूतिका शिष्योके साथ समवसरणमें आगमन, प्रभुका शरण स्वीकारा

INDRABHUTI BRAHMIN WITH HIS FOLLOWERS

COMES TO SAMAVASARAN EXCEPTING LORDS BLESSES




પ્રભુના હસ્તે તીર્થની તથા અગિયાર ગણધરની સ્થાપના

प्रभु के हस्ते तीर्थ की तथा ग्यारह गणधर की स्थापना

11 GANDHAR & TIRTH BEINGS PLACED BY LORD



પ્રભુનું સમવસરણમાં આગમન, ત્રણ પ્રદક્ષિણા દઈ નમો તિત્થસ્સ કહે છે. પ્રભુની ગેરહાજરીમાં ગણધરની દેશના

प्रभु का समवसरणमें आगमन, तीन प्रदक्षिणा देकर नमो तित्थस्स कहते है, प्रभु की गेरहाजरी में गणधर की देशना

LORD COMES TO SAMAVASARAN, GIVES THREE ROUNDS AND SAYS 'NAMO-TITTHASSA' GANDHAR DELIVERING HIS SERMON IN THE ABSENCE OF LORD




ગોશાલકે પ્રભુ પર તેજોલેશ્યા છોડી

गोशालक द्वारा प्रभु पर तेजोलेश्या छोडी गई

GOSALAK HURLS TEJOLESYA - FIERY FLAME TO BURN LORD




પાવાપુરીમાં હસ્તીપાલ રાજાની કારકુનશાળામાં પ્રભુની અંતિમ દેશના

पावापुरी में हस्तीपाल राजा की कारकुनशाला में प्रभु की अंतिम देशना

IN THE KARKAUN SCHOOL OF HASTIPAL RAJA AT PAVAPURI

LORD DELIVERS HIS LAST SERMON




અપાપાપુરીમાં પ્રભુનું નિર્વાણ

अपापापुरी में प्रभु का निर्वाण

LORD ATTAINING NIRVANA AT APAPAPURI



પ્રભુનું નિર્વાણ સ્થળ - જલમંદિર-પાવાપુરી (બિહાર)

प्रभु का निर्वाण स्थल - जलमंदिर-पावापुरी (बिहार)

JALMANDIR-PAVAPURI (BIHAR - THE PLACE WHERE LORD ATTAINS NIRVAN




ગૌતમસ્વામીને પ્રભુના નિર્વાણના સમાચાર, દેવશર્મા પ્રતિબોધ તથા ગૌતમસ્વામીને કેવલજ્ઞાન

गौतमस्वामी को प्रभु के निर्वाण का समाचार, देवशर्मा प्रतिबोध तथा गौतमस्वामी को केवलज्ञान

GAUTAMSWAMI PREACHING DEVSHARMA ON RETURNING HE HEARS
THE NEWS OF LORD'S NIRVANA GAUTAMSWAMI ATTAINING OMNISCIENCE



૨૩ મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાન

२३ वें तीर्थंकर श्री पार्श्वनाथ भगवान

23rd Tirthankara Lord Parshwanath



કમઠ અને મરુભૂતિ પૂર્વભવ

कमठ और मरूभूति पूर्वभव

KAMATHA & MARUBHUTI PREVIOUS BIRTH



વામામાતાને ૧૪ સ્વપ્નદર્શન

वामामाता को १४ स्वप्नदर्शन

DARSHAN OF 14 SYMBOLIC DIVINE DREAMS BY VAMAMATA



પૂર્વભવમાં પાર્શ્વપ્રભુના જીવે ૫૦૦ વાર જન્માભિષેકનો લાભ લીધેલ તથા વામામાતાને દેવલોકમાંથી આવીને દર્શન આપે છે

पूर्वभव में पार्श्वप्रभु के जीवने ५०० बार जन्माभिषेक का लाभ लीया था तथा वामामाता को देवलोक में से आकर दर्शन दीये

LORD PARSWANATH TOOK THE CHANCE OF 500 CEREMONIAL BATH IN HIS PREVIOUS LIFE AND CAME FROM DEVLOK TO GIVE DARSHAN TO VAMA MATA



પવનશત્રુ પાર્શ્વકુમારના શરણમાં
पवनशत्रु पार्श्वकुमार के शरण में
PAVANSHATRU SURRENDERS HIMSELF TO PARSHWAKUMAR



શ્રી પાર્શ્વકુમાર દ્વારા નગરદર્શન

श्री पार्श्वकुमार द्वारा नगरदर्शन

SIGHT OF THE CITY BY SHREE PARSHWAKUMAR




કમઠ પાસે આવી પ્રભુએ બળતા સર્પને સેવક દ્વારા નવકાર સ્મરણ કરાવ્યું

प्रभु कमठ के पास आकर जलते सर्प को सेवक द्वारा नवकार स्मरण कराया

LORD MAKES REMEMBRANCE OF NAVKAR MANTRA
TO THE BURNING SNAKE BY A SERVENT BY COMING NEAR KAMATH




શ્રી નેમનાથ પ્રભુનું ચિત્ર જોઈ વૈરાગ્ય

श्री नेमनाथ प्रभु का चित्र देखकर वैराग्य

ATTAINS SALVATION AFTER SEEING LORD NEMNATH'S PHOTO



શ્રી પાર્શ્વનાથ પ્રભુનો દીક્ષાનો વરઘોડો
श्री पार्श्वनाथ प्रभु का दीक्षा का वरघोडा
LORD PARSHWANATH'S INITIATION PROCESSION



श्री पार्श्वनाथ प्रभुनी दीक्षा ३०० साथे

श्री पार्श्वनाथ प्रभु की दीक्षा ३०० के साथे

LORD PARSWANATH TAKING INITIATION WITH 300



શ્રી પાર્શ્વનાથ પ્રભુ દ્વારા તીર્થ સ્થાપના - ગણધર સ્થાપના

पार्श्वनाथ प्रभु द्वारा तीर्थ स्थापना - गणधर स्थापना

GANDHAR PLACING AND TIRTH PLACING BY LORD PARSWANATH



હાથીઓ દ્વારા પ્રભુની કમળ દ્વારા પૂજા-કલીકુંડ તીર્થ બને છે

हाथीओ द्वारा प्रभु की कमळ द्वारा पूजा-कलीकुंड तीर्थ बनता है

**ELEPHANTS WORSHIPING LORD WITH**
**LOTUS FLOWERS KALIKUND TIRTH BEING FORMED**



મેઘમાળી દ્વારા પાર્શ્વ પ્રભુને ઉપસર્ગ

मेघमाळी द्वारा पार्श्व प्रभु को उपसर्ग

MEGHMALI HARASSING LORD PARSHWANATH



श्री पार्श्वनाथ प्रभुने केवलज्ञान

श्री पार्श्वनाथ प्रभु को केवलज्ञान

LORD PARSWANATH ATTAINING ONMISCIENCE



શ્રી પાર્શ્વનાથ પ્રભુનું નિર્વાણસ્થળ સમ્મેતશિખર તીર્થ

श्री पार्श्वनाथ प्रभु का निर्वाण स्थळ सम्मेतशिखर तीर्थ

SAMMETSHIKHAR TIRTH -

THE PLACE WHERE LORD PARSWANATH ATTAINS NIRVAN



૨૨મા તીર્થંકર શ્રી નેમનાથ ભગવાન

२२वे तीर्थंकर श्री नेमनाथ भगवान

22ND TIRTHANKAR - LORD SHREE NEMNATH BHAGWAN



શિવામાતાને ૧૪ સ્વપ્ન

शिवामाता को १४ स्वप्न

SHIVAMATA OBSERVING 14 SYMBOLIC DIVINE DREAMS




આયુધશાળામાં નેમકુમારની ચક્ર, ધનુષ્ય, ગદા, શંખ સાથે ગમ્મત કોણ બળવાન તેની પરિક્ષા કૃષ્ણ સાથે

आयुधशाळा में नेमकुमारकी चक्र, धनुष्य, गदा, शंख के साथ में गम्मत कौन बळवान उसकी परिक्षा कृष्ण के साथ

NEMKUMAR PLAYING WITH CHAKRA, BOW, HAMMER, SHEEL IN
GYM SCHOOL, EXAM WITH KRISHNA THAT WHO IS MORE BRAVE




કૃષ્ણની પટ્ટરાણીઓ નેમકુમારને લગ્ન માટે નક્કી કરાવે છે

कृष्ण की पट्टराणीयां नेमकुमार को लग्न के लीए नक्की करवाते है

KRISHNA'S WIVES PREPARING NEMKUMAR TO GET MARRIED



ઝરૂખામાંથી નેમકુમારને નિહાળતા રાજુલદેવી
झरोखे में से नेमकुमार को निहाळती राजुलदेवी
RAJULDEVI OBSERVING NEMKUMAR FROM THE BALCONY



નેમકુમાર સમક્ષ પશુઓનો પોકાર

नेमकुमार समक्ष पशुओ का पोकार

ANIMALS CALLING NEMKUMAR



નેમકુમારની આજ્ઞાથી પશુઓનો છૂટકારો તથા રથ પાછો વળ્યો

नेमकुमार की आज्ञा से पशुओ का छूटकारा तथा रथ वापस लौटा

ANIMALS ARE LEFT FREE ON THE ORDER OF NEMKUMAR AND THE CART TURNS AWAY



માતા-પિતાની લગ્ન માટે ફરી આરજુ પણ વિનંતી ન સ્વીકારતા રથ પાછો વાળ્યો
माता-पिता की शादी के लिए फीरसे आरजु और विनंती न स्वीकारते हुए रथ वापस लौटा
MOTHER & FATHER'S AGAIN REQUEST FOR MARRIGE,
UNEXCEPTING THE REQUEST CART TURNS AWAY



શ્રી નેમનાથ પ્રભુની દીક્ષા

श्री नेमनाथ प्रभु की दीक्षा

LORD NEMNATH TAKING INITIATION



શ્રી નેમનાથ પ્રભુને કેવલજ્ઞાન

श्री नेमनाथ प्रभु को केवलज्ञान

LORD NEMNATH ATTAINING OMNISCIENCE



નેમનાથ પ્રભુને સમવસરણમાં શ્રી કૃષ્ણ વાસુદેવ વંદન કરે છે

नेमनाथ प्रभु को समवसरण मे श्री कृष्ण वासुदेव वंदन करते हैं

LORD NEMNATH'S SAMAVASARAN - KRISHNA VASUDEV BOWING TO LORD



નેમનાથ પ્રભુનું નિર્વાણ સ્થળ - ગિરનાર તીર્થ
नेमनाथ प्रभु का निर्वाण स्थल - गिरनार तीर्थ
GIRNAR TIRTH - THE PLACE WHERE LORD NEMNATH ATTAINS NIRVAN



શ્રી અજિતનાથ પ્રભુથી શ્રી શ્રેયાંસનાથ પ્રભુ - ૧૦ તીર્થંકર

श्री अजितनाथ प्रभु से श्री श्रेयांसनाथ प्रभु तक - १० तीर्थंकर

10 TIRTHANKARS - LORD AJITNATH TO LORD SHREYANSNATH



શ્રી વાસુપૂજ્યસ્વામિથી શ્રી નમિનાથ પ્રભુ - ૧૦ તીર્થંકર
श्री वासुपूज्यस्वामि से श्री नमिनाथ प्रभु तक - १० तीर्थंकर
10 TIRTHANKARS - LORD VASUPUJYASWAMI TO LORD NAMINATH



શ્રી આદિનાથ પ્રભુ પ્રથમ તીર્થંકર

श्री आदिनाथ प्रभु प्रथम तीर्थंकर

FIRST TIRTHANKAR - LORD SHREE ADINATH



મરૂદેવી માતાને ૧૪ સ્વપ્નદર્શન

मरूदेवीमाता को १४ स्वप्नदर्शन

MARUDEVI MATA OBSERVING 14 SYMBOLIC DIVINE DREAMS



આદિનાથ દ્વારા કુંભાર આદિ શિલ્પ સ્થાપન

आदिनाथ द्वारा कुंभार आदि शिल्प स्थापन

LORD ADINATH PLACING COPPERSMITH AND OTHER SCULPTORS



ઈશ્વાકુવંશની સ્થાપના, પ્રભુનો લગ્નોત્સવ
इश्वाकुवंश की स्थापना, प्रभु का लग्नोत्सव
PLACING OF ISHWAKUVANSH, LORDS MARRIAGE CEREMONY



શ્રી આદિનાથનો રાજ્યાભિષેક

श्री आदिनाथ का राज्याभिषेक

CORONATION CEREMONY OF LORD ADINATH



શ્રી વિનિતાનગરી સ્થાપન

श्री विनितानगरी स्थापन

PLACING OF SHREE VINITANAGARI



આદીનાથ પ્રભુનો દીક્ષાનો વરઘોડો

आदीनाथ प्रभु का दीक्षा का वरघोडा

LORD ADINATH'S INITIATION PROCESSION



પ્રભુ આદિનાથની દીક્ષા

प्रभु आदिनाथ की दीक्षा

LORD ADINATH TAKING INITIATION



નમિ-વિનમિ દ્વારા પ્રભુની ભક્તિ

नमि-विनमि द्वारा प्रभु की भक्ति

NAMI-VINAMI WORSHIPING LORD



રાજા, નગરશેઠ તથા શ્રેયાંસકુમારને સ્વપ્ન

राजा, नगरशेठ तथा श्रेयांसकुमार को स्वप्न

RAJA, NAGARSETH AND SHREYANSKUMAR OBSERVING DREAM



હસ્તીનાપુર નગરમાં પ્રભુનું શ્રેયાંસકુમાર દ્વારા વરસીતપ પારણું

हस्तीनापुर नगर में प्रभु का श्रेयांसकुमार द्वारा वरसीतप का पारणा

YEARLY FAST BREAKING OF LORD AT HASTINAPUR NAGAR BY SHREYANSKUMAR



શ્રી આદિનાથ પ્રભુને પ્રયાગ (અલાહાબાદ) તીર્થમાં કેવલજ્ઞાન

श्री आदिनाथ प्रभु का प्रयाग (इलाहाबाद) तीर्थ में केवलज्ञान

LORD ADINATH ATTAINING OMNISCIENCE AT TIRTH PRAYAG



શ્રી આદેશ્વર પ્રભુ દ્વારા ૮૪ ગણધરની સ્થાપના

श्री आदेश्वर प्रभु द्वारा ८४ गणधर की स्थापना

LORD SHREE ADESHWAR PLACING 84 GANDHARS



પ્રભુ આદિનાથના ૮૪ ગણધર ભગવંત

प्रभु आदिनाथ के ८४ गणधर भगवंत

84 GANDHARAS OF LORD ADINATH



મરૂદેવા માતાનું પ્રભુ માટે વંદન કરવા પ્રયાણ તથા સમવસરણના દર્શનથી ભાવનાભાવી કેવલજ્ઞાન, પ્રથમ મોક્ષમાં પ્રયાણ

मरूदेवा माता का प्रभु के लिए वंदन करने प्रयाण, समवसरण के दर्शन, भावना को विचारते केवलज्ञान, प्रथम मोक्ष में प्रयाण

MARUDEVAMATA GOING TOWARDS LORD, SEEING SAMAVASARAN, OBTAINING OMNISCIENCE THROUGH GOOD THOUGHTS FIRST PERSON GOING TOWARDS MOKSH



ભરતચક્રવર્તીને સમાચાર પ્રભુને કેવલજ્ઞાન તથા આયુધશાલામાં ચક્ર ઉત્પન્ન

भरतचक्रवर्ती को समाचार प्रभु को केवलज्ञान तथा आयुधशाला में चक्रउत्पन्न

BHARATCHAKRAVATI HEARS THE NEWS OF
LORD OMNISCIENCE HE GETS CHAKRA IN HIS GIM SCHOOL



શ્રી ભરતબાહુબલી સૈન્યસહિત યુદ્ધ

श्री भरत बाहुबली सैन्यसहित युद्ध

SHREE BHARAT BAHUBALI FIGHTING WITH ARMY



૧૧૨

શ્રી ભરતબાહુબલી મુષ્ટિ યુદ્ધ

श्री भरतबाहुबली मुष्टि युद्ध

SHREE BHARAT BAHUBALI FIGHTING WITH SIGHT



શ્રી ભરતબાહુબલી બાહુ યુદ્ધ

श्री भरतबाहुबली बाहु युद्ध

SHREE BHARAT BAHUBALI BOXING



શ્રી ભરતબાહુબલી દંડ યુદ્ધ

श्री भरतबाहुबली दंड युद्ध

SHREE BHARAT BAHUBALI'S HAND FIGHT



શ્રી ભરતબાહુબલી સિંહનાદ

श्री भरतबाहुबली सिंहनाद

SHREE BHARAT BAHUBALI'S STICK FIGHT



ભરતચક્વર્તીએ ચક ભાઈ બાહુબલી પર છોડ્યું, તે ચક પ્રદક્ષિણા આપી પાછું ભરત પાસે આવ્યું ભરતને મારવા બાહુબલીએ મુઠ્ઠી ઉપાડી, પણ સદ્વિચાર, તેજ મુઠ્ઠી દ્વારા લોચ

भरतचक्रवर्तीने चक्र भाई बाहुबली पर छोड़ा, वो चक्र प्रदक्षिणा लगाकर वापस भरत के पास आया भरत को मारने के लिए बाहुबलीने मुट्ठी उठाई, फिर सद्विचार, उसी मुट्ठी द्वारा लोच

BHARATCHAKRAVARTI THROW'S CHAKRA ON HIS BROTHER BAHUBALI, CHAKRA GIVES ROUND TO HIM AND COMES BACK TO BHARAT, BAHUBALI PUT'S HIS HAND FORWARD TO HIT BHARATCHAKRAVARTI BUT THROUGH GOOD THOUGHTS HE DOES LOCH OF HIMSELF WITH SAME HANDS



બાહુબલી કાઉસ્સગ ધ્યાનમાં એક વર્ષ ઉભા રહ્યા
बाहुबली काउस्सग ध्यान में एक वर्ष तक खडे रहे
BAHUBALI STANDS IN KAUSHAGMUDRA FOR WHOLE ONE YEAR



બ્રાહ્મી સુંદરી બન્ને બહેનો દ્વારા બાહુબલીને ઉપદેશ - માનકષાયનો ત્યાગ - કેવલજ્ઞાન

ब्राह्मी सुंदरी दोनों बहनों द्वारा बाहुबली को उपदेश - मानकषाय का त्याग - केवलज्ञान

SISTERS BRAHMI AND SUNDARI PREACHING BAHUBALI -
ATTAINS OMNISCIENCE BY LEAVING PRESTIGE KNOWLEDGE



ભરતચક્રવર્તી અનિત્ય ભાવના ભાવતા કેવલજ્ઞાન - ભરત મુનિવર

भरतचक्रवर्ती को अनित्य भावना भावने से केवलज्ञान - भरत मुनिवर

THINKING OF IMMORAL THOUGHTS OF HIS LIFE

BHARATCHAKRAVARTI ATTAINS OMNISCIENCE - BHARAT MUNIVAR



આદીનાથ પ્રભુનું નિર્વાણ સ્થળ - અષ્ટાપદ તીર્થ

आदीनाथ प्रभु का निर्वाण स्थल - अष्टापद तीर्थ

ASTAPAD TIRTH - THE PLACE WHERE LORD ANDINATH ATTAINS NIRVAN



શ્રી જંબૂસ્વામી દ્વારા ૮ પત્નીઓ તથા ૫૦૦ ચોરોને પ્રતિબોધ તથા દીક્ષા

श्री जंबूस्वामी द्वारा ८ पत्नीयाँ व ५०० चोरों को प्रतिबोध एवं दीक्षा

JAMBUSWAMI PREACHING 8 WIVES AND 500 THIEVES AND THEIR INITIATION



શ્રી શય્યંભવભટ્ટને મુનિ દ્વારા પ્રતિબોધ

श्री शय्यंभवभट्ट को मुनि द्वारा प्रतिबोध

PREACHING TO SHREE SAYAMBHAVBHATT BY MUNI



શ્રી શય્યંભવભટ્ટને સ્તુપમાં રહેલ શાંતિનાથ પ્રભુના દર્શન તથા દીક્ષા
श्री शय्यंभवभट्ट को स्तुप में रहे हुए शांतिनाथं प्रभु के दर्शन एवं दीक्षा
SHREE SAYAMBHAVBHATT TAKING DARSHAN OF
LORD SHANTINATH IN A PILLAR AND INITIATION



સર્પના બિલ પાસે, સિંહ ગુફામાં, કુવાના કાંઠે, કોશાવેશ્યાને ત્યાં રહેલા મુનિવરોના ચાતુર્માસ

सर्प के बिल के पास, सिंह गुफा में, कुवे के कांठे, कोशावेश्या के वहाँ ठहरे मुनिवारों का चातुर्मास

MUNIVARS STAYING AT NEAR SNAKE'S HOLE, LIONS CAVE,
THE EDGE OF WELL, KOSHA PROSTITUTE'S HOUSE



રથિકની કલા, કોશાનું કમળ પર નૃત્ય

रथिक की कला, कोशा का कमल पर नृत्य

ART OF RATHIK, DANCE OF KOSHA ON LOTUS



સ્થુલભદ્રસ્વામીની સાધના, જ્ઞાનનું અભિમાન - ૭ બહેનો વંદનાર્થે પધાર્યા, સિંહનું રૂપ

स्थुलभद्रस्वामी की साधना, ज्ञान का अभिमान - ७ बहने वंदन करने आती है, सिंह का रूप धारण कीया

STHULBHADRASWAMI PROUD OF HIS KNOWLEDGE -

7 SISTER'S COMES TO BOW HIM, TAKES LION'S APPEARANCE



સંપ્રતિરાજાનો પૂર્વભવ-દરિદ્ર, ખાવા માટે દીક્ષા, શેઠીયાઓ સેવા કરે છે

संप्रतिराजा का पूर्वभव-दरिद्र, खाने के लिए दीक्षा, भाविको द्वारा सेवा

**SAMPRATIRAJA'S PREVIOUS LIFE-FIRST AS A POORMAN TAKING INITIATION SO THAT HE COULD EAT FOOD, MASTERS AT HIS SERVICE WHEN ILL**



સંપ્રતિને જન્મતા જ રાજ્ય મળે છે, આર્ય સુહસ્તિ દ્વારા ઉપદેશ, સવા લાખ જિનાલય તથા સવા ક્રોડ જિન પ્રતિમા નિર્માણ

संप्रति को जन्म से ही राज्य, आर्य सुहस्ति द्वारा उपदेश, सवा लाख जिनालय तथा सवा क्रोड जिन प्रतिमा निर्माण

SAMPRATI BECOMING KING FROM HIS BIRTH, PREACHED BY ARYA SUHASTI, BUILDING 1.25 LAKHS TEMPLE AND 1.25 CRORES OF JIN IDOLS



વજસ્વામી ઝોળીમાં અર્પણ, સાધ્વીના ઉપાશ્રયમાં પાળણું, રાજસભામાં ઓઘો લીધો

वजस्वामी झोली में अर्पण, साध्वी के उपाश्रय में पालणा, राजसभा में ओघा लीया

VAJRASWAMI BEING GIFTED, CRADLE AT SADHVI'S PLACE, TAKING INITIATION IN RAJSABHA



આર્ય વજસ્વામીની દેવ દ્વારા પરિક્ષા, સંઘને સુકાલ પ્રદેશમાં લઈ જવો, પુષ્પપૂજા માટે હુતાશન વનમાંથી ફુલો લાવી બૌદ્ધરાજાને પ્રતિબોધ

आर्य वजस्वामी की देव द्वारा परिक्षा, श्री संघ को सुकाल प्रदेश में रखना, फुलपूजा के लिए हुताशन वन में से फुल लाकर बौद्धराजा को प्रतिबोध

DEV EXAMINING ARYA VAJRASWAMI, TAKES THE SANGH TO A RAINY PLACE, PREACHES BUDDHARAJA BY BRINGING FLOWERS FROM HUTASHANVAN FOR WORSHIP



આર્ય વજસ્વામી જ્ઞાન દ્વારા આયુષ્ય થોડું જાણી રથાવર્ત્તગિરિ પર અનશન, સુકાલની આગાહી આર્ય વજસેનને કહી

आर्य वज्रस्वामीने ज्ञान के उपयोग से अल्पायुष जानकर रथावर्त्तगिरि पर अनशन, सुकाल की आगाही आर्य वज्रसेन को की

THROUGH HIS KNOWLEDGE VAJRASWAMI COMES TO KNOW ABOUT HIS LITTLE SPAN OF LIFE LEFT, FORECAST OF RAIN TO ARYA VAJRASEN



વલ્લભીપુરમાં ૫૦૦ આચાર્યોનું મિલન અને વાચના

वल्लभीपुर में ५०० आचार्यों का मिलन और वाचना

READING AND MEETING OF 500 ACHARYA'S AT VALLABHIPUR



ધ્રુવસેનરાજાના પુત્રનું મરણ તેના શોક નિવારણ માટે શ્રી કલ્પસૂત્રનું સંઘ સમક્ષ પ્રથમ વાંચન
ध्रुवसेनराजा के पुत्र का मरण, उसके शोक निवारण हेतु श्री कल्पसूत्र ग्रंथ का संघ समक्ष प्रथम वांचन

TO FORGET THE MOURN OF DHRUVSENRAJA'S SON,
KALPSUTRA WAS FIRST READ IN FRONT OF SANGH




પ્રભુ મહાવીરસ્વામીથી પૂ. આચાર્ય વીરસેનસૂરિજી મ.સા. સુધીની સ્થવિરાવલી

प्रभु महावीरस्वामी से पू. आचार्य वीरसेनसूरिजी तक की स्थविरावली

LORD MAHAVIRSWAMI TO P.A. VIRSENSURIJI M.S. IN A SEQUENCE


વિશ્વમાં સૌ પ્રથમ ૐમાં પંચ પરમેષ્ઠિ સ્થાપન
શ્રી ૐકાર જૈન તીર્થ યાત્રાર્થે પધારો...
* ભોજનશાળા
* આરાધનાભવન
* ગુરુમંદિર
* ઉત્તમ સુવિધાયુક્ત ધર્મશાળા
















ACHARYA SRI K... ANMANDIR
SRI MAHAVIR ... DHA
Koba, Gand... 382 009.
Phone : (079) 2...76252, ...276204-0...

# શ્રી ૐકાર જૈન તી
# પ્રતિષ્ઠા મહોત્સવની ગ


























## તીર્થ
## ી ઝલક









"ૐકાર બિન્દુ સંયુક્તં, નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમો નમઃ ॥"

કામનાઓને પૂર્ણ કરનાર, મોક્ષને આપનાર એવા ૐ,
જેનું ધ્યાન યોગિઓ નિત્ય ધરે છે એવા ૐકારને નમસ્કાર...
હંમેશા પ્રવચનના માંગલિકમાં આ શ્લોક બોલાય છે.

## ૐ વિશિષ્ટતા

| | | |
|---|---|---|
| અ | - | અરિહંત, અ |
| અ | - | અશરીરિ, અ+અ=આ |
| આ | - | આચાર્ય, આ+આ=આ |
| ઉ | - | ઉપાધ્યાય, આ+ઉ=ઓ |
| મ્ | - | મુનિ, ઓ+મ્=ઓમ્ |

* ૐનો એક જ બેઠકે ૨૦૦૦ વાર જાપ કરવાથી એક ઉપવાસનો લાભ પ્રાપ્ત થાય છે.
* ૐ પરમેશ્વર વાચક સાથે સિદ્ધચક્રના બીજરૂપ છે.
* ૐ સર્વ વિદ્યાઓનું બીજ છે.
* ભારતીય સંસ્કૃતિમાં દરેક ધર્મવાળા ૐને માને છે.
* દરેક મંત્રોની શરૂઆત ૐથી થાય છે.
* આર્ય જાતિના સાહિત્યમાં ૐ એ અસાધારણ મંત્ર છે.
* હિન્દુ ધર્મવાળા ૐમાં બ્રહ્મા-વિષ્ણુ-મહેશ એમ ત્રણ દેવોનો સમાવેશ થાય છે.
* અ-અધો, ઉ-ઉર્ધ્વ, મ્-મધ્યલોક=ઓમ્‌ના જાપથી ત્રણ લોક હસ્તગત થાય છે.
* વેદાંત દર્શની પંડિત ગૌડપાદ કહે છે કે જેની પાસે નિરંતર ૐનું ધ્યાન છે તેની પાસે ભય આવતો નથી.
* ખાંડના દરેક કણમાં મીઠાશ પણ સેકરિનમાં રૂપાંતર થાય તો મીઠાશ વધી જાય. સાકરના કણ કરતાં સેકરિન બાહ્યરૂપનું પરિણામ અતિસૂક્ષ્મ બને છતાં મધુરતા વિસ્મયજનક હોય છે. જેમ બોંબ કરતાં અણુબોંબની શક્તિ વધારે તેમ ઓમકાર મંત્રની સૂક્ષ્મશક્તિ ઘણી જ અનુપમ-અલૌકિક છે.
* ઓમ્‌ની નિષ્પત્તિ વિશે સ્વામી રામતીર્થની કલ્પના- બાળક જન્મે ત્યારે આ-આ-આ અવાજ કરે, જરાક મોટો થાય ત્યારે ઉ-ઉ-ઉ અવાજ કરે, જ્યારે બુદ્ધિ સંકેત સમજવાવાલી થાય એટલે મ-મ-મ બોલે, પહેલા મમ્મીને બોલાવે છે. તેમ આ+ઉ+મ્ ભેગા કરવાથી જન્મતાની સાથે જ ૐનું ઉચ્ચારણ કરે છે.

**આવા ૐકારનું ધ્યાન ધરવા જરૂર તીર્થમાં પધારો.**

Nehaj
28736745 28736535